# મીડીએશન “ફોર ધ નેશન”

## [૯૦ દિવસીય અભિયાન]

તારીખ ૦૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજથી નાલસા તથા MCPC દ્વારા ‘મીડિયેશન ફોર ધ નેશન’ અન્વયે ૯૦ દિવસની મિડીયેશન ડ્રાઇવ (મધ્યસ્થીકરણ ઝુંબેશ) શરૂ કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાજ્યની તાલુકા કોર્ટ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ તથા હાઇકોર્ટના પડતર કેસોમાં મધ્યસ્થીકરણ કરાવી સુખદ સમાધાન લાવવાના પ્રયત્નો કરવાના છે. નામદાર સુપ્રીમ કોર્ટ ના મુખ્ય ન્યાયમૂર્તિ – શ્રી બી. આર. ગવાઈ તથા માનનીય ન્યાયમૂર્તિ શ્રી સૂર્યકાંત સાહેબ, કારોબારી અધ્યક્ષ, નાલસા નાઓના માર્ગદર્શન હેઠળ આ કેસોનો ત્વરિત નિકાલ થાય તે હેતુથી આ અભિયાન યોજવામાં આવેલ છે.

આ ઝુંબેશ અંતર્ગત લાગુ પડતા કેસોમાં વધુમાં વધુ સુખદ સમાધાન થાય તે હેતુથી નામદાર કોર્ટમાંથી કેસોને મીડિયેશનમાં રિફર કરવાના પ્રયત્ન કરવાના રહેશે. આ ઝુંબેશનો પ્રચાર મીડિયા દ્વારા પણ કરવામાં આવ્યો છે જેમાં તમામ પક્ષકારોને વિનંતી કરેલ છે કે, તેઓના કેસ જો સમાધાન લાયક કેસોમાં આવતા હોય જેવા કે લગ્ન જીવનની તકરારો ને લગતા કેસો, અકસ્માત વળતરના કેસો, ઘરેલુ હિંસાના કેસો, ચેક બાઉન્સના કેસો, કોમર્શિયલ વિવાદના કેસો, સર્વિસ મેટર, સમાધાન લાયક ફોજદારી કેસો, ગ્રાહક તકરારના કેસો, પાર્ટીશનના દાવાઓ, જમીન સંપાદનના કેસો અને બીજા અન્ય સિવિલ દાવાઓ જેમાં સુખદ રીતે સમાધાન થાય અને કેસ સંપૂર્ણપણે પૂર્ણ થાય તે તમામ કેસો મધ્યસ્થીકરણમાં મુકાવવાના પ્રયત્નો કરવા.

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ તમામ અરજદારોને અપીલ કરે છે કે તેઓ વહેલી તકે નજીકના મધ્યસ્થીકરણ કેન્દ્રની મુલાકાત લે, જેથી મધ્યસ્થીકરણ દ્વારા તેમના વિવાદનો સૌહાર્દપૂર્ણ ઉકેલ લાવી શકાય અને આ ઝુંબેશને સફળ બનાવી શકાય.**

*****

Gujarat State Legal Services Authority